# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૪ તા.૬-૧૧-૧૫

**<u>ચૂંટણી/તાકીદનું/ખૂબ જ અગત્યનું</u>**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,તા.૨૨-૧૦-૧૫ના રોજ મહાનગરપાલિકાની ચૂંટણી અન્વયે તમારી શાળામાં આવેલા મતદાન મથકોમાં નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરશો. તદ્ઉપરાંત મ્યુનિ. સ્કૂલ બોર્ડ પરિપત્ર નં.૯૮ તા.૨૯-૧૦-૧૫માં જણાવેલ સૂચનાઓનો પણ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

- ❖ મતદાન મથકોના રૂમો ભોંયતળિયે રાખવાના હોઈ, મતદાન મથકોવાળા રૂમમાં જરૂરી સાફ-સફાઈ કરાવી, રૂમોમાં જરૂરિયાત મુજબના ટેબલ-ખુરશી રાખી બાકીનો સામાન તાકીદે હટાવી લેવો.
- ❖ મતદાન મથકો વાળા રૂમોમાં બારી-બારણા દિવાલ, લાઈટ, પંખા તથા રેમ્પ યોગ્ય હાલતમાં ન હોય તો તે ઉપયોગમાં લઈ શકાય તે માટે એડિ.સીટી.એન્જી.શ્રી, મ્યુ.કોર્પો.અમદાવાદના જે-તે ઝોનનો સંપર્ક કરી આગળની કાર્યવાહી કરવી.
- ❖ મતદાન મથકો વાળી શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ શાળામાં આચારસંહિતાનો ભંગ થાય તેવા કોઈ કાર્યક્રમનું આયોજન કરવું નહીં તેમજ રાજકીય પ્રતિકો કે રાજનેતાના ફોટોગ્રાફ કે અન્ય કોઈ પોસ્ટર દિવાલ પર લગાવેલ હોય તો તે તાકીદે ઉતરાવી લેવા.
- ❖ મતદાન મથકો ધરાવતી શાળાઓના કંપાઉન્ડમાં સંપૂર્ણ સ્વચ્છતા રાખવી તથા જયારે જયારે ચૂંટણી અધિકારીશ્રીઓ કે ચૂંટણી સબંધિત અધિકારીશ્રીઓ શાળાના રાઉન્ડમાં આવે ત્યારે શાળાનું બિલ્ડીંગ ખુલ્લુ રહે તથા જરૂરી ઓબ્ઝર્વેશન કરી શકે તે રીતે તેમને સહકાર આપવા સિકયુરીટી ગાર્ડ કે પગીને આદેશ કરવો.

તા. ૬-૧૧-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી